પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૦૮ ૭ ઓક્ટોબર, ૨૦૧૭, શનિવાર ; આસો વદ - ૨ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# દિવાળી ભેટ : જીએસટીમાં રાહત

નવીદિલ્હી, તા. ૬

ધારણા પ્રમાણે જ જીએસટી કાઉન્સિલની બેઠકમાં દિવાળી બોનાન્ઝાની જાહેરાત કરવામાં આવી હતી. નિકાસકારો, નાના કારોબારીઓ અને જ્વેલર્સ માટે શ્રેણીબદ્ધ જાહેરાતો આજે કરવામાં આવી હતી. જીએસટી કાઉન્સિલમાં તહેવારની સિઝન વચ્ચે શ્રેણીબદ્ધ સુધારાઓ પણ રજૂ કરવામાં આવ્યા હતા. કારોબારીઓ અને ગ્રાહકોને આકર્ષિત કરવા માટે આ પગલાની જાહેરાત કરવામાં આવી હતી. નિકાસકારોને રાહત આપવાની જાહેરાત કરતા જણાવવામાં આવ્યુ છે કે, જુલાઈ અને ઓગસ્ટના મહિના માટે રિટર્ન ૧૦મી ઓક્ટોબર અને ૧૮મી ઓક્ટોબર વચ્ચે ચેક મારફતે રિફંડ કરવામાં આવશે. વધુમાં પહેલી એપ્રિલ ૨૦૧૮ સુધી દરેક નિકાસકાર માટે ઈવોલેટની રચના કરાશે. પ્રક્રિયાને આગળ વધારવા માટે આની રચના કરવામાં આવશે. નાણામંત્રીએ એમ પણ કહ્યું હતું કે, જીએસટી કાઉન્સિલ અન્ય મહત્વપૂર્ણ નિર્ણયો પણ કર્યા છે. દોઢ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતા કારોબારીઓને દર મહિને રિટર્ન દાખલ કરવાથી રાહત આપવામાં આવી છે. હવે આ કારોબારીઓ ત્રણ મહિનામાં રિટર્ન દાખલ કરી શકશે. હવે કારોબારીઓને અન્ય રાહતો આપવાનો પણ નિર્ણય કરાયો છે. દાગીનાને જીએસટી નોટિફિકેશન હદથી બહાર રાખવામાં આવ્યા છે. આના માટે હવે નવું જાહેરનામુ લાગૂ કરવામાં આવનાર છે. જીએસટીમાં ટેકનિકલ સમસ્યાઓને ઉકેલવા માટે બનાવવામાં આવેલા ગ્રુપ ઓફ મિનિસ્ટર્સના વડા સુશીલ મોદીએ ટ્વિટ કરીને કેટલીક માહિતી આપી હતી. બેઠક ખતમ થયા બાદ સુશીલ મોદીએ ટ્વિટ કરીને કહ્યું હતું કે, કમ્પાઉન્ડિંગ સ્કીમ હેઠળ પણ ૭૫ લાખ ટર્નઓવરની મર્યાદાને વધારીને એક કરોડ કરી દેવામાં આવી છે. આવા કારોબારી ત્રણ મહિના ઉપર કુલ વેચાણના એક ટકા ટેક્સ જમા કરીને માહિતી દાખલ કરી શકે છે. કમ્પાઉન્ડિંગ ડિલરોને બીજા રાજ્યોમાં ચીજવસ્તુ વેચવાના અધિકાર અને ઈનપુટ સબસિડીના લાભ આપવા માટે પાંચ સભ્યોની એક સમિતિની રચના કરવામાં આવી છે. સુશીલ મોદીએ એમ પણ કહ્યું છે કે, રિવર્સ ચાર્જની વ્યવસ્થાને આગામી વર્ષે ૩૧મી માર્ચ સુધી સ્થગિત કરી દેવામાં આવી છે. આ હેઠળ પહેલા રજિસ્ટર્ડ કરદાતાઓને અનરજિસ્ટર્ડ પુરવઠાકારો પાસેથી ચીજવસ્તુઓની ખરીદીથી ટેક્સની ચુકવણી કરવી પડતી હતી હવે તેમાં ૩૧મી માર્ચ સુધી રાહત આપવામાં આવી છે. જ્વેલર્સને પણ રાહત અપાઈ છે. નાના કારોબારીઓને મહત્વપૂર્ણ છુટછાટો આપવામાં આવી રહી છે. કમ્પોઝિશન સ્કીમના લાભ લેવા કારોબારીઓ માટે જીએસટીમાં કમ્પોઝિશન સ્કીમ માટે થ્રેસોલ્ડને ૭૫ લાખથી વધારીને એક કરોડ કરવામાં આવી હતી.

**જ્વેલર્સ, નિકાસકાર, વેપારીને મોટી રાહત : ૨૭ વસ્તુ પર જીએસટી રેટ ઘટાડવાનો કાઉન્સિલમાં નિર્ણય : દરેક નિકાસકાર માટે ઇ-વોલેટ બનશે : ટ્રેડર્સ, મેન્યુફેક્ચર્સ, રેસ્ટોરન્ટને કમ્પોઝિશન સ્કીમ હેઠળ એક, બે અને પાંચ ટકા ટેક્સ : જેટલીની જાહેરાત**

## જીએસટી રાહત પ્રથમ નજરે....

- ૨૭ વસ્તુ પર જીએસટી રેટ ઘટાડી દેવામાં આવ્યો
- અનબ્રાન્ડેડ આયુર્વેદિક દવાઓ ઉપર જીએસટી ૧૨ ટકાથી ઘટાડીને પાંચ ટકા કરાયો
- લોકો દ્વારા બનાવવામાં આવતા યાર્ન માટે ટેક્સરેટ ૧૮ ટકાથી ઘટાડીને ૧૨ ટકા કરાયો
- મિડિયમ અને નાના કરદાતાઓના બોજને ઘટાડવામાં આવ્યો
- જુલાઈ નિકાસ માટે રિફંડ ચેક ૧૦મી ઓક્ટોબર અને ઓગસ્ટ નિકાસ માટે રિફંડ ચેક ૧૮મી ઓક્ટોબર સુધી અપાશે
- દોઢ કરોડ સુધીના ટર્નઓવરવાળા કારોબારીઓને દર મહિને રિટર્ન દાખલ કરવાથી છુટછાટ
- આવા કારોબારી ત્રણ મહિનામાં રિટર્ન દાખલ કરી શકશે
- કમ્પોઝિશન સ્કીમ હેઠળ ૭૫ લાખ ટર્ન ઓવરની મર્યાદાને વધારીને એક કરોડ કરાઈ
- કારોબારી ત્રણ મહિનામાં કુલ વેચાણના એક ટકા ટેક્સ જમા કરીને વિગત આપી શકશે
- કમ્પાઉન્ડિંગ ડિલરોને બીજા રાજ્યોમાં ચીજવસ્તુ વેચવાના અધિકાર અને ઇનપુટ સબસિડીના લાભ આપવા પાંચ સભ્યોના ગ્રુપની રચના
- રિવર્સ ચાર્જની વ્યવસ્થા આગામી વર્ષે ૩૧મી માર્ચ સુધી મોકુફ
- જેમ્સ એન્ડ જ્વેલરી અને હાઈવેલ્યુ ચીજવસ્તુમાં રહેલી કંપનીઓ જે બે કરોડથી વધુનું ટર્નઓવર ધરાવે છે તેમને મની લોન્ડરિંગ એક્ટની સમીક્ષાથી બહાર રખાઈ
- ૫૦૦૦૦થી ઉપરની કિંમતની જ્વેલરીની ખરીદી કરનાર વ્યક્તિને પેનકાર્ડ અને આધારની વિગત આપવાની જરૂર નથી
- દરેક નિકસકાર માટે પહેલી એપ્રિલ સુધી ઇ-વોલેટની રચના કરાશે




## અરૂણાચલમાં હેલિકોપ્ટર તુટી પડ્યુ

નવી દિલ્હી,તા. ૬

અરૂણાચલપ્રદેશના તવાંગમાં આજે સવારે આઈએએફનુ એમઆઇ-૧૭ વી પાંચ હેલિકોપ્ટન દુર્ઘટનાગ્રસ્ત થઈ જતા સાત લોકોના મોત થયા હતા માર્યા ગયેલાઓમાં પાંચ ઈન્ડિયન એરફોર્સના કર્મચારીઓ હતા જ્યારે બે આર્મીના અધિકારીઓ હતા. આ બનાવથી દેશના સુરક્ષા જવાનોમાં આઘાતનું મોજુ ફરી વળ્યું છે.
















